કાળજી, રક્ષણ અને સંભાળની જરૂરીયાતવાળા બાળકો માટે વ્યવસાયિક તાલીમ માટે જુવેનાઇલ જસ્ટિસ ફંડમાં રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવા બાબત.

.................................................

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૫૯૪૫૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૩/૦૯/૨૦૨૧

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી/નવી બાબત/૨૦-૨૧/૭૬, તા.૦૧/૦૨/૨૦૨૧.
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી/૨૦૨૦-૨૧/૫૯૮, તા.૨૨/૦૬/૨૦૨૧.
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી/૨૦૨૧-૨૨/૧૦૭૫, તા.૩૦/૦૭/૨૦૨૧.

**<u>પ્રસ્તાવના</u> :-**

ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ની કલમ-૧૦૫ માં બાળકોના કલ્યાણ અને પુનઃ સ્થાપન સંબંધિત કાર્યો માટે રાજ્ય સરકાર તેઓને યોગ્ય જણાય તે નામનું ભંડોળ રચી શકશે તેવી જોગવાઇ છે. રાજ્ય બાળ ફંડના ઉપયોગ અને ખર્ચ માટે ભારત સરકારના ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન) મોડલ રૂલ્સ, ૨૦૧૬ના નિયમ-૮૩ અને રાજ્ય સરકારના ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ ના નિયમ-૯૨ માં જોગવાઇ કરવામાં આવેલ છે.

ધ ગુજરાત જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ ના નિયમ-૯૨(૫)માં જુવેનાઇલ જસ્ટિસ ફંડના ઉપયોગ અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. આ નિયમ-૯૨(૫)(iv) માં બાળકોને ઉદ્યોગ-સાહસિક સહાય,

કુશળતા વિકાસ તાલીમ અથવા વ્યાવસાયિક તાલીમ પ્રદાન કરવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ કાળજી, રક્ષણ અને સંભાળની જરૂરીયાતવાળા અનાથ બાળકોને વ્યવસાયિક તાલીમ આપવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) થી (૩) મુજબની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u>** :-

પુખ્ત વિચારણાને અંતે ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ની કલમ-૧૦૫ની જોગવાઇ મુજબ બાળકોના કલ્યાણ અને પુનઃસ્થાપન સંબંધિત કાર્યો માટે ઉભા કરવામાં આવેલ રાજ્ય બાળ ફંડમાં રાજ્યમાં અમલી હોય એવા ધ જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સના સંબંધિત નિયમની જોગવાઇ મુજબ કાળજી, રક્ષણ અને સંભાળની જરૂરીયાતવાળા અનાથ બાળકો કે જેમણે પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવેલ હોય અથવા બાળ સંભાળ ગૃહમાં રહેલા હોય તેવા ૧૫ થી ૧૮ વર્ષના બાળકોમાં કૌશલ્ય વિકાસ કરીને તેઓને સામાજિક અને આર્થિક રીતે સક્ષમ બનાવી સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે **એનેક્ષર-૧**માં દર્શાવેલ વ્યવસાયિક તાલીમ આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ તાલીમ માટે જુવેનાઇલ જસ્ટિસ ફંડમાં રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરી તેમાંથી સદર તાલીમનો ખર્ચ કરવાની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો</u>** :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાનો થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્રિત કરવાનું રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૫/૦૭/૨૦૨૧૫, તા.૨૦/૦૫/૨૦૧૬ અને તા.૩૧/૧૨/૨૦૧૮ની

અધિસૂચનાની જોગવાઈઓને અનુરૂપ ઉપરોકત વ્યવસાયિક તાલીમોનું આયોજન કરવાનું રહેશે અને તાલીમના અંતે જે તે તાલીમી સંસ્થાઓએ બાળકને તાલીમ મેળવ્યા અંગેનું સર્ટિફિકેટ ઇસ્યુ કરવાનું રહેશે.

(૧૫) તાલીમ સંસ્થાઓની પસંદગી પારદર્શક રીતે અને જરૂર જણાય તો રોજગાર અને તાલીમ વિભાગના સંકલનમાં રહીને કરવાની રહેશે.

(૧૬) તાલીમી સંસ્થાને ચુકવવાની થતી તાલીમ ફી અને તાલીમાર્થીને ચુકવવાની થતી સ્ટાઇપેન્ડની રકમ જેવા તમામ ચુકવણા PFMS-DBT મારફતે જ કરવાના રહેશે.

(૧૭) અન્ય યોજનાઓ સાથે ડુપ્લિકેશન ન થાય તે બાબતે પૂરતી કાળજી રાખવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી નં. ૦૯૨

૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨- સમાજ કલ્યાણ

૧૦૨- બાળ કલ્યાણ

૦૧- એસએસડબલ્યુ-૦૨ બાળકોના કલ્યાણ માટે વિકાસ કાર્યક્રમ બાલવાડી

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.

## એનેક્ષર-૧

| ક્રમ | ક્ષેત્ર | તાલીમનો પ્રકાર |
|---|---|---|
| ૧ | કાપડ | સિવણની તાલીમ |
| ૨ | ઓટોમોબાઇલ | ઓટોમોબાઇલ રીપેરીંગની તાલીમ |
| ૩ | કેપિટલ ગુડસ | વેલ્ડિંગની તાલીમ |
| ૪ | કેમિકલ્સ | ફ્રેગરન્સ ફ્લેવર અને પરફ્યુમ બનાવવાની તાલીમ |
| ૫ | બાંધકામ | પેઇન્ટીંગ, લાકડાના કામની તાલીમ |
| ૬ | શિક્ષણ અને કૌશલ્યવર્ધન | શિક્ષણની તાલીમ, કાઉન્સલિંગનું કૌશલ આપવાની તાલીમ |
| ૭ | ઇલેક્ટ્રોનિક્સ | ફ્રીજ અને એ.સી. રીપેરીંગની તાલીમ, સેલ્સ અને સર્વિસ તાલીમ |
| ૮ | ફુડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી | ડેયરી પ્રોડક્ટ, ફ્રુટ અને સબ્જી પ્રોડક્ટ, અનાજ અને અનાજના પ્રોડક્ટ, ફુડ ગ્રેન (મિલિંગ સહિત), મિટ અને મિટની પ્રોડક્ટ, ફિશ અને ફિશ પ્રોડક્ટ, મિઠાઇ અને ચોકલેટ્સ, બ્રેડ અને બેકરી, મસાલા મેકીંગ, પીણું, સોફ્ટ ડ્રિંક્સ, ફુડ પેકેજીંગ પ્રોડક્ટની તાલીમ |
| ૯ | ફર્નિચર અને ફર્નિશિંગ | ફર્નિચર મેકિંગની તાલીમ |
| ૧૦ | જેમ્સ અને જ્વેલરી | જેમ્સ અને જ્વેલરી મેકિંગ, ઘર સજાવવા માટેની આર્ટ જ્વેલરીની તાલીમ |
| ૧૧ | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | સીસીસી, સીસીસી પ્લસ, ટેલી, કોમ્પ્યુટર જોબ વર્ક, કોમ્પ્યુટર/લેપટોપ રીપેરીંગ તેમજ અન્ય કોમ્પ્યુટર કોર્સ વગેરે |
| ૧૨ | લેધર | મોચી કામની તાલીમ |
| ૧૩ | પ્લમ્બીંગ | પ્લમ્બરના કામની તાલીમ |
| ૧૪ | વીજળી | ઘરેલું ઇલેક્ટ્રિશિયનની તાલીમ |
| ૧૫ | રીટેઇલ | એફ.એમ.સી.જી. અને સ્ટોર ઓપરેશનની તાલીમ |
| ૧૬ | ટેલિકોમ | મોબાઇલ રીપેરીંગ |
| ૧૭ | ટેક્સટાઇલ | કાપડ મિલમાં કાપડ બનાવવાની તાલીમ. |
| ૧૮ | ઘડિયાળ | ક્લોક અને વોચ રીપેરીંગની તાલીમ |
| ૧૯ | અન્ય | અન્ય સમાન પ્રકારની તાલીમ |